**Signature and Name of Invigilator**

1. (Signature) ____________________

   (Name) ____________________

2. (Signature) ____________________

   (Name) ____________________

**OMR Sheet No. :** ............................................

(To be filled by the Candidate)

**Roll No.** | | | | | | | | |

(In figures as per admission card)

**Roll No.** ____________________

(In words)

**Test Booklet No.**

**J—3708**

**PAPER—II**

# GUJARATI

**Time : 1¼ hours]** **[Maximum Marks : 100**

Number of Pages in this Booklet : **16** Number of Questions in this Booklet : **50**

## Instructions for the Candidates

1. Write your roll number in the space provided on the top of this page.
2. This paper consists of fifty multiple-choice type of questions.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (ii) **Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the question booklet will be replaced nor any extra time will be given.**
   (iii) After this verification is over, the Test Booklet Number should be entered in the OMR Sheet and the OMR Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.

   **Example :** (A) (B) ● (D)

   where (C) is the correct response.
5. Your responses to the items are to be indicated in the Answer Sheet given **inside the Paper I booklet only**. If you mark at any place other than in the ovals in the Answer Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your name or put any mark on any part of the test booklet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, you will render yourself liable to disqualification.
9. You have to return the test question booklet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall.
10. **Use only Blue/Black Ball point pen.**
11. **Use of any calculator or log table etc., is prohibited.**
12. **There is NO negative marking.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. पहले पृष्ठ के ऊपर नियत स्थान पर अपना रोल नम्बर लिखिए।
2. इस प्रश्न-पत्र में पचास बहुविकल्पीय प्रश्न हैं।
3. परीक्षा प्रारम्भ होने पर, प्रश्न-पुस्तिका आपको दे दी जायेगी। पहले पाँच मिनट आपको प्रश्न-पुस्तिका खोलने तथा उसकी निम्नलिखित जाँच के लिए दिये जायेंगे जिसकी जाँच आपको अवश्य करनी है :
   (i) प्रश्न-पुस्तिका खोलने के लिए उसके कवर पेज पर लगी कागज की सील को फाड़ लें। खुली हुई या बिना स्टीकर-सील की पुस्तिका स्वीकार न करें।
   (ii) **कवर पृष्ठ पर छपे निर्देशानुसार प्रश्न-पुस्तिका के पृष्ठ तथा प्रश्नों की संख्या को अच्छी तरह चैक कर लें कि ये पूरे हैं। दोषपूर्ण पुस्तिका जिनमें पृष्ठ/प्रश्न कम हों या दुबारा आ गये हों या सीरियल में न हों अर्थात किसी भी प्रकार की त्रुटिपूर्ण पुस्तिका स्वीकार न करें तथा उसी समय उसे लौटाकर उसके स्थान पर दूसरी सही प्रश्न-पुस्तिका ले लें। इसके लिए आपको पाँच मिनट दिये जायेंगे। उसके बाद न तो आपकी प्रश्न-पुस्तिका वापस ली जायेगी और न ही आपको अतिरिक्त समय दिया जायेगा।**
   (iii) इस जाँच के बाद प्रश्न-पुस्तिका की क्रम संख्या OMR पत्रक पर अंकित करें और OMR पत्रक की क्रम संख्या इस प्रश्न-पुस्तिका पर अंकित कर दें।
4. प्रत्येक प्रश्न के लिए चार उत्तर विकल्प (A), (B), (C) तथा (D) दिये गये हैं। आपको सही उत्तर के दीर्घवृत्त को पेन से भरकर काला करना है जैसा कि नीचे दिखाया गया है।

   **उदाहरण :** (A) (B) ● (D)

   जबकि (C) सही उत्तर है।
5. प्रश्नों के उत्तर **केवल प्रश्न पत्र I के अन्दर दिये गये** उत्तर-पत्रक पर ही अंकित करने हैं। यदि आप उत्तर पत्रक पर दिये गये दीर्घवृत्त के अलावा किसी अन्य स्थान पर उत्तर चिन्हांकित करते है, तो उसका मूल्यांकन नहीं होगा।
6. अन्दर दिये गये निर्देशों को ध्यानपूर्वक पढ़ें।
7. कच्चा काम (Rough Work) इस पुस्तिका के अन्तिम पृष्ठ पर करें।
8. यदि आप उत्तर-पुस्तिका पर अपना नाम या ऐसा कोई भी निशान जिससे आपकी पहचान हो सके, किसी भी भाग पर दर्शाते या अंकित करते हैं तो परीक्षा के लिये अयोग्य घोषित कर दिये जायेंगे।
9. आपको परीक्षा समाप्त होने पर उत्तर-पुस्तिका निरीक्षक महोदय को लौटाना आवश्यक है और परीक्षा समाप्ति के बाद अपने साथ परीक्षा भवन से बाहर न लेकर जायें।
10. **केवल नीले/काले बाल प्वाईंट पैन का ही इस्तेमाल करें।**
11. **किसी भी प्रकार का संगणक (कैलकुलेटर) या लाग टेबल आदि का प्रयोग वर्जित है।**
12. **गलत उत्तर के लिए अंक नहीं काटे जायेंगे।**

# GUJARATI
# ગુજરાતી
## PAPER – II
## પ્રશ્નપત્ર - II

**Note :** This paper contains **fifty** (50) multiple-choice questions, each question carrying **two** (2) marks. Mark the correct response in the answer-sheet. All questions are **compulsory**.

**સૂચના :** આ પ્રશ્નપત્રમાં પચાસ (50) વૈકલ્પિક પ્રશ્નો છે. ઉત્તરવહીમાં સાચા ઉત્તર માટે નિશાન કરો. તમામ પ્રશ્નો ફરજિયાત છે.

**1.** ‘ગિરિસર સમું હંસોનો જે કલધ્વનિ રેલતું પંક્તિનો છંદ જણાવો.

(A) પૃથ્વી (B) મંદાક્રાંતા

(C) હરિણી (D) શિખરિણી

**2.** ‘અહીં વહી રહિ હવામહીં અનન્ય વાસ’ પંક્તિનો અલંકાર ઓળખાવો.

(A) આંતર્ અનુપ્રાસ (B) અત્યાંનુપ્રાસ

(C) યમક (D) સજીવારોપણ

**3.** ‘કામિની’ કૃતિનો સાહિત્ય પ્રકાર કયો છે?

(A) પ્રબંધ (B) ટૂંકી વાર્તા

(C) લઘુનવલ (D) નવલકથા

**4.** ‘રૂસ્તમનો સલોકો’ ના કર્તા હોણ છે?

(A) પ્રેમાનંદ (B) શામળ

(C) ગણપતિ (D) શિવદાસ

**5.** ‘ધૂમકેતુ’ નું મૂળ નામ શું?

(A) ગૌરીશંકર જોષી (B) જગદીશ જોષી

(C) વિનોદ જોશી (D) રમણ લાલ જોશી

6. ‘માથાબોળ’ કયો સમાસ છે?

(A) અલુક્ સમાસ
(B) કરણ તત્પુરુષ
(C) ઉપપદ
(D) બહુવ્રીહિ

7. ‘ધ્વન્યાલોક’ના ટીકાકાર છે.

(A) કુન્તક
(B) ભામહ
(C) મહીમ ભટ્ટ
(D) અભિનવ ગુપ્ત

8. ‘ભૂત’ નિબંધના લેખક છે.

(A) નવલરામ
(B) દલપતરામ
(C) મનસુખરામ
(D) ગોવર્ધનરામ

9. ‘મનીષા’ સામયિકના એક સંપાદક છે.

(A) રસિક શાહ
(B) રમણલાલ શાહ
(C) ડોલરરાય માંકડ
(D) વિજયરાય વૈદ્ય

10. જ્ઞાનપીઠ દ્વારા અપાતો ‘મૂર્તિદેવી પુરસ્કાર’ ગુજરાતી લેખકને મળ્યો છે.

(A) દર્શક
(B) પન્નાલાલ પટેલ
(C) નારાયણ દેસાઈ
(D) રાજેન્દ્ર શાહ

11. કયા બે સાહિત્યકારો નવલિકાકાર નથી?

(i) શરીસ વીજળીવાળા
(ii) મોહન પરમાર
(iii) હિમાંશી શેલત
(iv) મનોજ ખંડેરિયા

(A) (i) અને (ii)
(B) (i) અને (iv)
(C) (iii) અને (iv)
(D) (ii) અને (iii)

12. કયા બે સર્જકો કવિ અને નવલકથાકાર છે ?

(i) ચન્દ્રકાન્ત ટોપીવાળા

(ii) રાધેશ્યામ શર્મા

(iii) હરીન્દ્ર દવે

(iv) વીનેશ અંતાણી

(A) (i) અને (ii)
(B) (iii) અને (iv)
(C) (i) અને (iv)
(D) (ii) અને (iii)

13. આ બે આધુનિક કવિ છે?

(i) દિલીપ ઝવેરી

(ii) કમલ વોરા

(iii) રાજેશ વ્યાસ 'મિસ્કીન'

(iv) ઉશનસ્

(A) (i) અને (ii)
(B) (ii) અને (iii)
(C) (i) અને (iv)
(D) (ii) અને (iv)

14. કઈ બે કૃતિઓ ખંડકાવ્ય છે?

(i) અંતઘડીએ અજામિલ

(ii) બિલ્વમંગળ

(iii) માચુપીચુનાં ખંડેરોમાં

(iv) મૃગતૃષ્ણા

(A) (i) અને (ii)
(B) (iii) અને (iv)
(C) (ii) અને (iv)
(D) (i) અને (iii)

15. કયા બે કવિઓ પ્રેમલક્ષણાભક્તિ માર્ગના છે?

(i) દયારામ

(ii) ગંગાસતી

(iii) સમયસુંદર

(iv) મીરાંબાઈ

(A) (ii) અને (iii) (B) (i) અને (iv)

(C) (iii) અને (iv) (D) (i) અને (ii)

16. આ બે સર્જકો ગુજરાતી સાહિત્ય પ્રમુખ રહી ચુકયા છે.

(i) રઘુવીર ચૌધરી

(ii) રાજેન્દ્ર શાહ

(iii) પન્નાલાલ પટેલ

(iv) રમણલાલ જોશી

(A) (i) અને (iii) (B) (ii) અને (iv)

(C) (iii) અને (iv) (D) (i) અને (ii)

17. આ બે આધુનિક ટૂંકી વાર્તા છે

(i) લોહી તરસ્યો

(ii) આ છેર પેલે છેર

(iii) અગતિગમન

(iv) સરલ અને શમ્પા

(A) (iii) અને (iv) (B) (ii) અને (iii)

(C) (i) અને (iv) (D) (i) અને (ii)

18. કયા બે પશ્ચિમના વિવેચકો છે?

(i) આલ્બેર કામૂ

(ii) જેમ્સ જૉય્યસ

(iii) રોલાં બાર્થ

(iv) આન્દ્રે બ્વેતો

(A) (i) અને (ii)
(B) (i) અને (iii)
(C) (iii) અને (iv)
(D) (ii) અને (iii)

19. **માહિતી અ :** 'કેથાર્સિસ'ની વિભાવના એરિસ્ટોટલે આપી.

**માહિતી બ :** ટી. એસ. એલિયટે કવિતાના ત્રણ અવાજની વાત કરી.

(A) અ અને બ બન્ને સાચાં છે
(B) અ અને બ બન્ને ખોટાં છે
(C) અ સાચું છે, બ ખોટું છે
(D) બ સાચું છે, અ ખોટું છે

20. **માહિતી અ :** ટૂંકી વાર્તામાં કથનકેન્દ્ર મહત્વનું છે.

**માહિતી બ :** નાટકમાં કથનકેન્દ્રનું મહત્વ હોય છે.

(A) અ સાચું છે બ પણ સાચું છે
(B) અ ખોટું છે પણ બ સાચું છે
(C) અ સાચું છે પણ બ ખોટું છે
(D) અ અને બ બન્ને સાચાં છે

21. **માહિતી અ :** દલપતરામનું 'લક્ષ્મી' નાટક મૌલિક છે.

**માહિતી બ :** દલપતરામનું 'લક્ષ્મી' નાટક રૂપાન્તર છે.

(A) અ સાચું છે પણ બ ખોટું છે
(B) અ ખોટું છે પણ બ સાચું છે
(C) અ અને બ બન્ને સાચાં છે
(D) અ અને બ બન્ને ખોટાં છે

22. **માહિતી અ :** અનુષ્ટુપ છંદ માત્રામેળ છંદ છે.

**માહિતી બ :** ચોપાઈ છંદ અક્ષરમેળ છંદ છે.

(A) અ અને બ બન્ને ખોટાં છે
(B) અ પણ સાચું છે બ પણ સાચું છે
(C) અ સાચું છે પણ બ ખોટું છે
(D) અ ખોટું છે પણ બ સાચું છે

23. **માહિતી અ :** કાલિદાસે રામસીતાની કથા પર આધારિત ' ઉત્તર રામચરિત'ની રચના કરી.

**માહિતી બ :** ભવભૂતિએ 'ઋતુસંહાર' નાટકની રચના કરી.

(A) અ સાચું છે બ ખોટું છે
(B) અ અને બ બન્ને સાચાં છે
(C) અ ખોટું છે બ સાચું છે
(D) અ અને બ બન્ને ખોટાં છે

24. બે વાક્યોથી બનતું સંપૂર્ણપણે સાચું યુગ્મ કયું ?

(A) રા.વિ. પાઠકે 'શેષ'ના ઉપનામે કવિતા લખી. એમણે 'સ્વૈરવિહારી'ના નામે નિબંધો લખ્યા.
(B) રા.વિ. પાઠક આધુનિક વિવેચક છે. એમણે નાટકમાં ઘટનાહ્રાસનો આગ્રહ રાખ્યો.
(C) રા.વિ. પાઠકે અછાંદસ કવિતાની શરૂઆત કરી. એમણે 'સ્વપ્નતીર્થ' નવલકથા લખી.
(D) રા.વિ. પાઠકે બૃહત્ પિંગળની રચના કરી. એમણે 'ચહેરા' નવલકથા લખી.

25. બે વાક્યોથી બનતું સંપૂર્ણપણે સાચું યુગ્મ કયું?

(A) 'જયન્ત' નવલકથાના કર્તા ર.વ. દેસાઈ છે એમણે 'શંકિત હૃદય' નાટક લખ્યું છે.
(B) ર.વ. દેસાઈ સુધારકયુગના કવિ છે એમણે 'કુસુમમાળા' કાવ્ય સંગ્રહ લખ્યો છે.
(C) ર.વ. દેસાઈ 'યુગમૂર્તિ' વાર્તાકાર છે, એમણે 'નિરીક્ષા' વિવેચન ગ્રંથ લખ્યો છે.
(D) ર.વ. દેસાઈને કેન્દ્રીય સાહિત્ય અકાદમીનું પારિતોષિક મળ્યું છે. એમણે 'દિવ્યચક્ષુ' નવલકથા લખી છે.

**26.** બે વાક્યોથી બનતું સંપૂર્ણપણે સાચું યુગ્મા કયું

(A) સુરેશ જોષીએ વિઘટનવાદનો પુરસ્કાર કર્યો. તેઓ ગાંધીયુગના સર્જક હતા.

(B) સુરેશ જોષીએ 'વિદુલા' નામની નવલકથા લખી છે. એમણે ' ઉપજાતિ' નામનો કાવ્યસંગ્રહ પાછળથી રદ કર્યો.

(C) સુરેશ જોષીએ 'મરણોત્તર' નામનો કાવ્યસંગ્રહ લખ્યો છે. તેઓ સુધારાવાદી હતા.

(D) સુરેશ જોષીએ લલિત નિબંધો લખ્યા છે. એમણે 'અમૃતા' નવલકથાની સમીક્ષા કરી છે.

**27.** સર્વથા સુસંગત વિગતજૂથ કયું?

(A) વક્રોક્તિ - વામન - રસધ્વનિ

(B) વક્રોક્તિ - મમ્મટ - પ્રતીયમાન અર્થ

(C) વક્રોક્તિ - કુન્તક - પ્રકરણ વક્રતાની ચર્ચા

(D) વક્રોક્તિ - વ્યંજના - શાંતરસ

**28.** સર્વથા સુસંગત વિગતજુથ કયું ?

(A) જયંત ખત્રી - આભલાનો ટુકડો -પાદરનાં તીરથ

(B) જયંત ખત્રી - મર્મર - લોહીની સગાઈ

(C) જયંત ખત્રી - સમૂડી - ધાડ

(D) જયંત ખત્રી - ખરાબપોર - ખીચડી

**29.** સર્વથા વિસંગત વિગતજૂથ કયું ?

(A) આધુનિક યુગ - જનમટીપ - અર્વાચીન કવિતા

(B) આધુનિક યુગ અથવા મધુ રાય

(C) આધુનિક યુગ ફેરો - છિન્નપત્ર

(D) આધુનિક યુગ, માણસની વાત - યાત્રા

30. સર્વથા વિસંગત વિગતજૂથ કયું?

(A) ઉમાશંકર જોશી - બુદ્ધનાં ચક્ષુ વિશ્વશાંતિ

(B) ઉમાશંકર જોશી - પિયાસી - સરસ્વતી સન્માન

(C) ઉમાશંકર જોશી - ગંગોત્રી - ભારતીય જ્ઞાનપીઠ સન્માન

(D) ઉમાશંકર જોશી - શોધ - વિવેચનનું વિવેચન

31. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જોડકું દર્શાવો.

| | યાદી 1 | | યાદી 2 |
|---|---|---|---|
| (a) | સુરેશ જોષી | (i) | જનાન્તિકે |
| (b) | નવલકથા | (ii) | લોહનગર |
| (c) | નિબંધ | (iii) | મરણોત્તર |
| (d) | નવલિકા | (iv) | આધુનિક યુગ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | (iv) | (iii) | (ii) | (i) |
| (B) | (i) | (ii) | (iii) | (iv) |
| (C) | (iv) | (iii) | (i) | (ii) |
| (D) | (iii) | (ii) | (iv) | (i) |

32. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જોડકું દર્શાવો.

| | યાદી 1 | | યાદી 2 |
|---|---|---|---|
| (a) | ગુજરાતનો નાથ | (i) | ઉપક્રમ |
| (b) | વિવેચન | (ii) | સોનેટ |
| (c) | હું મુજ પિતા! | (iii) | ઇતરા |
| (d) | કાવ્યસંગ્રહ | (iv) | ઐતિહાસિક નવલકથા |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | (i) | (ii) | (iii) | (iv) |
| (B) | (iv) | (iii) | (ii) | (i) |
| (C) | (iii) | (ii) | (i) | (iv) |
| (D) | (iv) | (i) | (ii) | (iii) |

33. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જોડકું દર્શાવો.

| | યાદી 1 | | યાદી 2 |
|---|---|---|---|
| (a) | એણે મારા સામું જોયું પણ નહીં | (i) | વિશેષણ |
| (b) | સામું ઘર કોનું છે? | (ii) | કૃદંત |
| (c) | એ આજે મુંબઈથી આવનાર હતો. | (iii) | નામયોગી |
| (d) | તમે આવતીકાલે મુંબઈ જશો? | (iv) | કર્તરિ પ્રયોગ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | (iii) | (i) | (ii) | (iv) |
| (B) | (iv) | (iii) | (ii) | (i) |
| (C) | (iii) | (ii) | (i) | (iv) |
| (D) | (ii) | (iii) | (iv) | (i) |

34. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જોડકું દર્શાવો.

| | યાદી 1 | | યાદી 2 |
|---|---|---|---|
| (a) | નિશાચક્ર | (i) | સીમાંકન અને સીમોલ્લંઘન |
| (b) | સિતાંશુ યશશ્ચંદ્ર | (ii) | કેશવ હર્ષદ ધ્રુવ |
| (c) | વિતાનસુદ બીજ | (iii) | કિશોર જાદવ |
| (d) | પદ્યરચનાની ઐતિહાસિક સમાલોચના | (iv) | રમેશ પારેખ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | (i) | (ii) | (iii) | (iv) |
| (B) | (iii) | (i) | (iv) | (ii) |
| (C) | (ii) | (iii) | (i) | (iv) |
| (D) | (iv) | (iii) | (ii) | (i) |

35. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જોડકું દર્શાવો.

| | યાદી 1 | | યાદી 2 |
|---|---|---|---|
| (a) | શિક્ષણનો ઇતિહાસ | (i) | કાન્ત |
| (b) | મૃગયા | (ii) | જયંત પાઠક |
| (c) | રાજેન્દ્ર શુક્લ | (iii) | પરન્તુ |
| (d) | વિનોદ જોશી | (iv) | કોમળ રિષભ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | (i) | (ii) | (iv) | (iii) |
| (B) | (iv) | (iii) | (ii) | (i) |
| (C) | (iii) | (iv) | (i) | (ii) |
| (D) | (ii) | (i) | (iii) | (iv) |

36. ક્યું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે?

(A) કાવ્યાલંકાર, ધ્વન્યાલોક, રસગંગાધર, નાટ્યશાસ્ત્ર

(B) ધ્વન્યાલોક, રસગંગાધર, નાટ્યશાસ્ત્ર, કાવ્યાલંકાર

(C) નાટ્યશાસ્ત્ર, કાવ્યાલંકાર, ધ્વન્યાલોક, રસગંગાધર

(D) રસગંગાધર, નાટ્યશાસ્ત્ર, કાવ્યાલંકાર, ધ્વન્યાલોક

37. ક્યું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે?

(A) માનવીનીભવાઈ, વળામણાં, મળેલાજીવ, મનખાવતાર

(B) મનખાવતાર, માનવીનીભવાઈ, મળેલાજીવ, વળામણાં

(C) મળેલાજીવ, મનખાવતાર, વળામણાં, માનવીનીભવાઈ

(D) વળામણાં, મળેલાજીવ, માનવીનીભવાઈ, મનખાવતાર

38. ક્યું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે?

(A) ક્ષિતિજ, ખેવના, સંસ્કૃતિ, શબ્દસૃષ્ટિ

(B) સંસ્કૃતિ, ક્ષિતિજ, શબ્દસૃષ્ટિ, ખેવના

(C) ખેવના, સંસ્કૃતિ, ક્ષિતિજ, શબ્દસૃષ્ટિ

(D) શબ્દસૃષ્ટિ, ખેવના, ક્ષિતિજ, સંસ્કૃતિ

39. ક્યું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે?

(A) ડિવાઇન કોમેડી, ધ વેસ્ટ લેન્ડ, વેઇટિન્ગ ફોર ગોદો, વન હન્ડ્રેડ યર્સ ઓવ સોલિટ્યૂડ

(B) વેઇટિન્ગ ફોર ગોદો, વન હન્ડ્રેડ યર્સ ઓવ સોલિટ્યૂડ, ડિવાઇન કોમેડી, ધ વેસ્ટ લેન્ડ

(C) ધ વેસ્ટ લેન્ડ, વેઇટિન્ગ ફોર ગોદો, વન હન્ડ્રેડ યર્સ ઓવ સોલિટ્યૂડ, ડિવાઇન કોમેડી

(D) વન હન્ડ્રેડ યર્સ ઓવ સોલિટ્યૂડ, ડિવાઇન કોમેડી, ધ વેસ્ટ લેન્ડ, વેઇટિન્ગ ફોર ગોદો,

40. ક્યું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે?

(A) વૈશાખનો બપોર, વસંત વિજય, ક્યાં? આધુનિક અરણ્ય

(B) આધુનિક અરણ્ય, ક્યાં?, વૈશાખનો બપોર, વસંત વિજય

(C) વસંત વિજય, વૈશાખનો બપોર, આધુનિક અરણ્ય, ક્યાં?

(D) ક્યાં?, આધુનિક અરણ્ય, વસંત વિજય, વૈશાખનો બપોર

41. 'સિંજારવ' અને 'દીપ્તિ' - આ બે કૃતિઓના કર્તા કોણ?

(A) વાડીલાલ ડગલી (B) હીરાબેન પાઠક

(C) હરિકૃષ્ણ પાઠક (D) વેણીભાઈ પુરોહિત

42. 'પીળી છે પાંદડી ને કાળવો છ બાજરો' આ પંક્તિ કયા કવિની છે?

(A) ચન્દ્રકાન્ત શેઠ (B) રાજેન્દ્ર શાહ

(C) મનોજ ખંડેરિયા (D) માધવ રામાનુજ

43. 'શ્રી અને સૌરભ' તથા 'પ્રતિશબ્દ' આ બે કૃતિઓના કર્તા કોણ?

(A) પ્રવીણ દરજી
(B) ઉમાશંકર જોશી
(C) વિજયરાય વૈદ્ય
(D) રમણલાલ જોશી

44. આ ત્રણ માન્ય ગુજરાતી સંઘર્ષી વ્યંજનો છે

(A) સ, શ, હ
(B) લ, વ, શ
(C) ચ, છ, હ
(D) ત, થ, સ

45. તીવ્ર અનુસ્વારવાળા શબ્દો કયા?

(A) કાંદો અને ચાંદો
(B) લીલું અને મરચું
(C) મનમાં અને વનમાં
(D) કંદ અને ખંડ

**નાચે આપેલો ગદ્યખંડ વાંચીને પૂછેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી સાચા ઉત્તરનો ક્રમ દર્શાવો.**

કલામાત્રનો પ્રધાન વિષય માનવ છે. યુગેયુગે કળા માનવની છબિ ઉપસાવી આપવાનું કામ કરતી આવી છે. નવલકથાકાર આ જ કામ એની વિશિષ્ટ રીતે કરતો હોય છે. નવલકથાની નિરુપણ પદ્ધતિના મુખ્ય બે વિભાગો પડીએ તો એકમાં ઘટનાઓનું પ્રાબલ્ય વર્તાય છે. અદ્‌ભુતનો પુટ આપેલો શૃંગાર, વીર - આ એના મુખ્ય રસ. આથી એમાં પ્રેમ અને શોર્ય મુખ્ય ભાગ ભજવે છે; ભાગ્યની ચડતીપડતી કાર્યવેગમાં સંઘાતપ્રતિઘાતના તુમુલ આવર્તો ઉપસાવે છે. એનો તરસ્વી વેગ પાત્રનાં આગવાં વ્યક્તિત્વને ઝાઝાં સ્ફુટ કરવાનેય થંભતો નથી. બીજી પદ્ધતિમાં ઘટનાઓની આવી ધમાચકડી હોતી નથી, શી ઘટના બને છે એના કરતાં ઘટના કેવી રીતે બને છે એ તરફ એમાં આપણું ધ્યાન ખેંચાતું હોય છે; ઉદ્દામ આવેગોના વમળમાં આપણે ચકરી ખાતા નથી. એમાં આપણે દૃષ્ટિ સ્થિર રાખીને ચારે દિશાને જોવા મથીએ છીએ; રેખા સાથે રેખા ગોઠવીને આખું ચિત્ર ઉપસાવવા પ્રેરાઈએ છીએ. આથી એમાં પાત્ર અને એનાં કાર્ય અસાધારણ હોય એવી અપેક્ષા રહેતી નથી. સાધારણ લાગતી સામગ્રીમાંથી સંવિધાનને પ્રતાપે અસાધારણ સાક્ષાત્કાર થઈ શકે છે. પાત્રો અને ઘટનાઓ પોતે આકર્ષક હોતાં નથી, સર્જકે યોજેલા સંવિધાનમાં એમને નવું મૂલ્ય પ્રાપ્ત થાય છે. આ નવું મૂલ્ય જ રસાસ્વાદનું કારણ બની રહે છે.

46. નવલકથાકારનું મુખ્ય કામ શું છે?

(A) ભાગ્યની ચડતીપડતી વર્ણવવાનું

(B) અદ્‌ભુત, શૃંગાર અને વીરરસનું આલેખન કરવાનું.

(C) માનવજીવનનું ચિત્ર ઉપસાવી આપવાનું.

(D) ઘટનાઓનું આલોખન કરવાનું.

47. નવલકથાકાર એક એવી નિરુપણ પદ્ધતિનો આશરો લે છે કે -

(A) ઘટનાઆલેખન અને રસપ્રદ કાર્યવેગથી પ્રગટતો સંઘર્ષ આગવું ચરિત્ર ઉપસાવી આપે.

(B) ઘટનાઓ દ્વારા પાત્રના ભાગ્યની ચડતીપડતી અનુભવી શકાય.

(C) ભાવક ઉદ્દામ આવેગના વમળમાં ચકરી ખાય.

(D) ભાવક ઘટનાઓના પ્રવાહોમાં તણાતો જાય.

48. નવલકથાની અન્ય આલેખન પદ્ધતિ એવી છે કે જેમાં -

(A) ભાવકને ચારેબાજુ જોતો-વિચારતો રાખી શકાય.

(B) પાત્રોનાં કાર્યો વિશે મોટી અપેક્ષા ઊભી થાય.

(C) ભાવક ઘટનાઓનો આસ્વાદ લેતો થઈ જાય.

(D) શું બને છે એ નહીં પણ એ કેવી રીતે બને છે એ મહત્વનું હોય.

49. નવલકથાકાર કયો ખરો ચમત્કાર કરે છે?

(A) પાત્રો દ્વારા જીવનની છબિ ઉપસાવવાનો.

(B) વસ્તુના રૂપાંતર દ્વારા રચનાને અનન્ય સાધારણ બનાવવાનો.

(C) ઘટનાઓ દ્વારા આકર્ષણ ઊભું કરવાનો.

(D) સાધારણ અને અસાધારણ વચ્ચેનો ભેદ ભૂંસી નાખવાનો.

**50.** નવલકથાનો મુખ્ય હેતુ હોય છે -

(A) વિવિધ રસોના આલેખન દ્વારા મનોરંજન કરવાનો

(B) નિરુપણની જુદી જુદી પદ્ધતિઓ ચકાસી જોવાનો

(C) સંવિધાનની કલા દ્વારા ભાવકને અપૂર્વની સમ્મુખ લઈ જવાનો

(D) માનવજીવનના ઉત્કર્ષ માટે મથવાનો

- o 0 o -

**Space For Rough Work**